ગુજરાતમિત્ર
શો ટાઈમ
ગુરુવાર ૧૬ જુલાઈ, ૨૦૨૬



શત્રુઘ્નેઃ ચહેરાના કટના કારણે ડાયરેક્ટર્સ રિજેક્ટ કરતા! Pg.2



જો ઓડીયન્સ તમને પસંદ કરે તો જ તમે ટકી શકોઃ સૈફ અલી ખાન Pg.4

# આમિરની ખાન દાની...

# છુડા પડયા પછી પણ હમ સાથ સાથ હૈ!

**આમિરના જીવનમાં પહેલાં રીના દત્તા, પછી કિરણ રાવ અને હવે ગૌરી સ્પ્રાટને આવી છે અને ત્રણેયને પોતાના પરિવારનો હિસ્સો બનાવી લીધા છે**

આપણને આમિર ખાનના ત્રીજા લગ્નના સમાચાર તો મળી જ ગયા છે. વેલ, લગ્નની આમિરે બોલિવૂડના તેના કેટલાક મિત્રો અને કેટલાક સંબંધીઓ તરફથી શુભેચ્છાઓ પણ મેળવી અને કેટલાકને તેણે લગ્નમાં આમંત્રિત પણ કર્યા હતા. પરંતુ સૌથી વધારે નવાઈની વાત એ લાગી કે આમિરના લગ્નમાં ફક્ત તેનો આખો પરિવાર જ નહીં, તેની બંને ભૂતપૂર્વ પત્નીઓ પણ હાજર હતી. સાંભળીને થોડું આશ્ચર્ય થયું ને! પોતાના ભૂતપૂર્વ પતિના લગ્નમાં જવું અને તે પણ ખુશીથી... ડિવોર્સ બાદ પણ પરિવાર સાથે એટલા જ પ્રેમથી જોડાયેલા રહેવું એ ખરેખર સુખદ આશ્ચર્ય છે!

આમિરની પહેલી ફિલ્મ 'કયામત સે કયામત તક' રિલીઝ થઈ તે પહેલાં, 1986માં તેના રીના દત્તા સાથે લગ્ન થઈ ગયા હતા. આ દંપતીને જુનૈદ ખાન અને ઈરા ખાન એમ બે સંતાનો છે. 2001માં ફિલ્મ 'લગાન' રિલીઝ થઈ અને એ જ વર્ષે આમિર તથા રીનાના ડિવોર્સ થયા. આ સાથે જ તેમના 16 વર્ષના લગ્નજીવનનો અંત આવ્યો. ત્યાં સુધી કિરણ રાવ આમિરના જીવનમાં 'લગાન'ના યુનિટના સભ્ય તરીકે હતી; બંને મિત્રો પણ બન્યા નહોતા. આ વિશે આમિરે કહ્યું હતું, 'જ્યારે મારા ડિવોર્સ પછી તેણે મને સાંત્વના આપવા ફોન કર્યો, ત્યારે મને ખ્યાલ આવ્યો કે મેં તેની સાથે લગભગ અડધો કલાક વાત કરી હતી અને એ દરમિયાન હું ખુશ પણ હતો.'

આ રીતે આમિર અને કિરણનો સંબંધ શરૂ થયો અને 2005માં તેમણે લગ્ન કર્યા. 'ધોબી ઘાટ' અને 'લાપતા લેડીઝ' જેવી સફળ ફિલ્મો બનાવનાર કિરણ તેના અને આમિરની ભૂતપૂર્વ પત્ની રીના વચ્ચેના સંબંધો વિશે જણાવે છે, 'જ્યારે હું લગ્ન કરીને આ ઘરમાં આવી ત્યારે રીના આ પરિવારનો હિસ્સો હતી. આમિરની માતા ઝીનત હુસૈન સાથે મને ઘણું બનતું હતું અને હું પોતાને નસીબદાર માનું છું કે મને આ પરિવાર સાથે જોડાવાની તક મળી. હું અને રીના ઘણા સારા મિત્રો બની ગયા. હું ખરેખર રીનાને પસંદ કરવા લાગી.'

આમ, રીના આમિરની ભૂતપૂર્વ પત્ની હોવા છતાં કિરણ અને તેની વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો રહ્યા છે. બાળકોની વાત આવે ત્યારે પણ રીના અને આમિર માતા-પિતા તરીકે હંમેશાં તેમના બાળકોની પડખે સાથે ઊભા રહ્યા છે. જોકે, 2021માં આમિર અને કિરણના પણ ડિવોર્સ થઈ ગયા અને બંનેએ તેમના પુત્ર આઝાદ રાવ ખાન માટે કો-પેરેન્ટ બની રહેવાનું નક્કી કર્યું. ડિવોર્સ પછી પણ આમિરે કિરણની ફિલ્મ 'લાપતા લેડીઝ' તેમના કો-પ્રોડક્શન દ્વારા રિલીઝ કરી હતી. આમ, આમિરે રીના હોય કે કિરણ, બંને માટે હંમેશાં આદર વ્યક્ત કર્યો છે અને બંનેને સહકાર પણ આપ્યો છે. આ વિશે આમિરે જણાવ્યું હતું, 'મને રીના અને કિરણ બંને માટે ઘણો પ્રેમ અને આદર છે. અમે હંમેશાં એક પરિવાર તરીકે જ રહીશું. અમે ગમે તેટલા વ્યસ્ત હોઈએ, તો પણ અઠવાડિયામાં એક વાર બધા ભેગા થઈએ જ છીએ. અમને એકબીજા માટે પ્રેમ અને આદર છે અને એકબીજાની કાળજી રાખીએ છીએ.'




આમ, ફક્ત રીના અને કિરણ વચ્ચે જ નહીં, પરંતુ આમિર અને તેની બંને ભૂતપૂર્વ પત્નીઓ વચ્ચે પણ સ્વસ્થ અને પ્રેમાળ સંબંધો છે. આટલું જ નહીં, આમિર બંનેના વખાણ કરતાં કહે છે, 'કિરણ અને રીના બંને મજબૂત સ્ત્રીઓ છે. મને સ્ટ્રોંગ વીમેન ગમે છે.' ડિવોર્સ લીધા પછી પણ આમિર અને કિરણે તેમની પ્રોફેશનલ પાર્ટનરશિપ 'પાણી ફાઉન્ડેશન' ચાલુ રાખી છે અને તેઓ એકબીજાના પ્રોજેક્ટ્સ માટે પણ ઘણા ઉત્સાહી રહે છે. તેમનું માનવું છે કે લગ્નના 15 વર્ષ તેમના માટે ઉષ્માભર્યા અને આદરથી ભરપૂર રહ્યા હતા. તેમને ઘણી સારી યાદો અને નવા અનુભવો મળ્યા હતા. પરંતુ હવે તેઓ પતિ-પત્ની તરીકે નહીં, પરંતુ એકબીજાના સાથી અને એક પરિવાર તરીકે રહેવા માગે છે. જીવનના આ નવા અધ્યાયમાં તેઓ માતા-પિતા તરીકે હંમેશાં બાળકો માટે હાજર રહેશે અને આ નિર્ણયમાં તેમનો પરિવાર પણ તેમની પડખે રહ્યો છે.


હવે વાત કરીએ આમિરના બાળકો અને તેના પરિવારની. તેમણે આમિરના જીવનમાં પહેલાં રીના દત્તા, પછી કિરણ રાવ અને હવે ગૌરી સ્પ્રાટને આવતા જોયા છે અને ત્રણેયને પોતાના પરિવારનો હિસ્સો બનાવી લીધા છે. આ વિશે તેનો પુત્ર જુનૈદ કહે છે, 'જ્યારે મારા માતા-પિતાના ડિવોર્સ થયા હતા ત્યારે હું ફક્ત 9 વર્ષનો હતો, એટલે મને બહુ ફરક પડ્યો નહોતો. પરંતુ મોટાભાગે જ્યારે અમારી, એટલે કે બાળકોની વાત આવે ત્યારે તેઓ બંને એક જ હોય છે. અમે ક્યારેય તેમને એકબીજા વિશે ખરાબ કે ખોટું બોલતા જોયા નથી. અમુક ઉંમર પછી અમે બાળકો સમજી ગયા હતા કે બે દુઃખી વ્યક્તિઓને સાથે રાખવા કરતાં તેઓ અલગ રહીને ખુશ રહે તે વધારે સારું છે. મને કિરણ આન્ટી સાથે પણ ઘણું ફાવે છે. તેઓ પ્રેમાળ અને ઉષ્માભર્યા છે. તેમને પરિવારમાં સ્વીકારવાનું અમને જરા પણ અઘરું લાગ્યું નહોતું. આજે ભલે તેમના ડિવોર્સ થઈ ગયા છે, પરંતુ તેઓ અમારા પરિવારનો હિસ્સો બની રહ્યા છે. ગૌરી પણ મજાની વ્યક્તિ છે. હું તેમના માટે ખુશ છું. અમારી વચ્ચે એટલી દોસ્તી છે કે હું તેમને નામથી જ બોલાવી શકું છું. કિરણ આન્ટીને પણ હું શરૂઆતમાં 'આન્ટી' કહીને જ બોલાવતો હતો, પણ જ્યારે અમે 16-17 વર્ષના થયા ત્યારે તેમણે અમને તેમના નામથી બોલાવવા કહ્યું. આમ તેઓ બંને ઘણા ફ્રેન્ડલી છે. અમે બધા 100 મીટરના અંતરે રહીએ છીએ, એટલે જ્યારે જરૂર પડે ત્યારે એકબીજાને મળી શકીએ છીએ.'

બીજી બાજુ કિરણ પણ જણાવે છે, 'મારા અને આમિર વચ્ચે ક્યારેય મોટો ઝઘડો થયો નથી. જે મતભેદ થયા હોય તે 12 કલાકમાં ઉકેલાઈ જતા હતા. જ્યારે છૂટાછેડા લેવાની વાત આવી ત્યારે તે પણ સમજણથી, કોઈ પણ જાતની કડવાશ વિના અમે નિર્ણય લીધો અને અમારી દોસ્તી, એકબીજા માટેનો આદર અને પ્રેમ જળવાયેલા રહ્યા છે. આમિરનો પરિવાર હજી પણ મારો પરિવાર છે. તેની માતા હજી પણ મારી સાસુ છે, તેના બાળકો મને પણ એટલાં જ વહાલાં છે અને અમે એક પરિવાર તરીકે હંમેશાં રહીશું.' આ વાત રીના અને કિરણ બંને ખરા દિલથી માને પણ છે, જે આમિરના ગૌરી સાથેના લગ્ન વખતે જોવા મળ્યું. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આમિરના લગ્નમાં લગભગ 150 લોકો હાજર રહ્યા હતા, જેમાં રીના અને કિરણ પણ સહર્ષ સામેલ થયા હતા. વળી, આમિરના સંતાનોએ પણ આમિરના ગૌરી સાથેના લગ્નને સહર્ષ સ્વીકારી લીધા છે અને તેની ખુશીમાં તેનો આખો પરિવાર પણ ખુશ છે. ભાઈ, આ બાબતમાં આમિર ખાન ખરેખર નસીબદાર કહેવાય. તેને એક નહીં, બે નહીં, ત્રણ લગ્ન કરવાની તક મળી અને સૌથી મોટું સુખ તો એ કહેવાય કે આ ત્રણેય સ્ત્રીઓને એકબીજા સાથે તેમજ આમિરના પરિવાર સાથે પણ એટલું જ બને છે. સામાન્ય રીતે ભૂતપૂર્વ પતિ કે ભૂતપૂર્વ પત્ની સાથે આટલા સારા સંબંધો જાળવવા સહેલા હોતા નથી. પરંતુ 'મિસ્ટર પરફેક્શનિસ્ટ'ની આ આવડત કહેવાય કે પછી તેનું સદનસીબ કે તેનો અને તેના પરિવારનો તેની બંને ભૂતપૂર્વ પત્નીઓ સાથે સ્વસ્થ અને ઉષ્માભર્યો સંબંધ આજે પણ જળવાઈ રહ્યો છે. કારણ જે હોય તે, પરંતુ આ સંબંધો કાયમ માટે પ્રેમ અને આદરથી શોભતા રહે એવી જ આપણી શુભેચ્છા! •



# હોસ્પિટલમાં શાહરૂખને નવા કપડાંની શી જરૂર?

શાહરૂખ ખાને હાલમાં તેની પત્ની ગૌરી ખાન સાથેનો એક મજાનો કિસ્સો શેર કર્યો. શાહરૂખ જણાવે છે કે જ્યારે તે સ્પાઈન ઈન્જરીના ઓપરેશન બાદ રિકવરી માટે હોસ્પિટલમાં દાખલ થયો હતો, ત્યારે ગૌરી પોતાના માટે હેન્ડબેગ ખરીદીને લઈ આવી હતી. આ એક્ટર કહે છે, 'હું ઘણીવાર ગૌરીને ગિફ્ટ આપું છું. શરૂઆતમાં તો તે સ્વીકારી લે છે, પરંતુ ત્યારબાદ તેનાથી વધુ સારી અથવા તેને ગમતી વસ્તુ સાથે તેને બદલી લાવે છે. આમ, મારી આપેલી 99.99 ટકા ગિફ્ટ્સ ગૌરી એક્સચેન્જ કરીને તેને મનગમતી વસ્તુ લઈ આવે છે.' શાહરૂખ જણાવે છે, 'મને સ્પાઈન ઈન્જરી થઈ હતી અને મારે લગભગ દોઢ-બે મહિના હોસ્પિટલમાં રહેવું પડે તેમ હતું. મેં મારા માટે થોડાં ટી-શર્ટ ખરીદ્યાં હતાં, પરંતુ પહેર્યા પછી મને લાગ્યું કે તે મને બરાબર ફિટ આવતાં નથી. હું હોસ્પિટલમાં હતો એટલે મેં ગૌરીને કહ્યું કે તે શોપ પર જઈને ટી-શર્ટ બદલી આવે.' પરંતુ જ્યારે તે પાછી આવી ત્યારે તેણે કહ્યું કે, 'શોપકીપરે ટી-શર્ટ બદલી આપવાની ના પાડી દીધી.' આખરે શાહરૂખને પછીથી ખબર પડી કે ગૌરીએ તે ટી-શર્ટના બદલે પોતાના માટે હેન્ડબેગ ખરીદી લીધી હતી. આ વિશે ગૌરીએ સ્પષ્ટતા કરતાં કહ્યું કે,'તે હોસ્પિટલમાં છે, તો તેને નવા કપડાં પહેરવાની શી જરૂર છે?' આમ, આ સમગ્ર કિસ્સો શાહરૂખ હસતા-હસતા શેર કરે છે, જે તેના અને ગૌરી વચ્ચેના ખાટા-મીઠા સંબંધોની ઝલક આપે છે. ફિલ્મોની વાત કરીએ તો શાહરૂખ હવે સિદ્ધાર્થ આનંદની ફિલ્મ 'કિંગ'માં તેની દીકરી સુહાના ખાન સાથે જોવા મળશે. આ ફિલ્મ લગભગ ડિસેમ્બર ૨૦૨૬માં રિલીઝ થવાની છે. આ ફિલ્મમાં શાહરૂખ અને સુહાના ઉપરાંત અભિષેક બચ્ચન, દીપિકા પાદુકોણ, અનિલ કપૂર, જેકી શ્રોફ અને અરશદ વારસી પણ મુખ્ય ભૂમિકામાં છે. •



# વોટ ઇઝ વાઈબ?

એક્ટર અનુપમ ખેરે જેન-ઝી માટે એક હળવી પોસ્ટ શેર કરી છે. તેણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને મૉડર્ન જેન-ઝી સ્લેંગ વિશે સવાલ કર્યો છે. પીઢ એક્ટર અનુપમ ખેરે ઈન્સ્ટાગ્રામ પર જેન-ઝેડ દ્વારા વારંવાર વપરાતા શબ્દ 'વાઈબ'નો ખરેખર અર્થ શું થાય છે એવો સવાલ કર્યો છે. તે જણાવે છે કે તેણે આ શબ્દ પહેલાં ક્યારેય સાંભળ્યો નહોતો, એટલે તેનો સાચો અર્થ પણ તેમને ખબર નથી. 'સ્પેશિયલ ૨૬'ના એક્ટર અનુપમ ખેરે કેપ્શનમાં એમ પણ લખ્યું છે કે, 'વાઈબ એવી બાબત છે, જેની સચોટ પરિભાષા આપી શકાતી નથી; તે અનુભવ કરવાની બાબત છે.' સાથે તેણે પોતાના ચાહકોને પૂછ્યું છે કે શું તેનો આ અર્થ સાચો છે?

અનુપમ ખેરે બ્લેક ટી-શર્ટ અને શોર્ટ્સ પહેરેલી પોતાની એક તસવીર શેર કરતાં પૂછ્યું છે, 'વાઈબ એટલે શું? મને ઘણી વાર સવાલ થાય છે. મારા બાળપણમાં કે કારકિર્દીની શરૂઆતના સમયમાં મેં ક્યારેય આ શબ્દ વાપર્યો નહોતો. ફોટો જોઈને અમે કહેતા હતા કે 'સારો ફોટો છે', પરંતુ આજે બધા 'વોટ અ વાઈબ!' એમ કહે છે. મને એ સમજાતું નથી. કદાચ, મને જે સમજ પડે છે તે પ્રમાણે 'વાઈબ'ને તમે સમજાવી શકતા નથી... તે અનુભવ કરવાની બાબત છે. કદાચ હું ખોટો પણ હોઉં. તમે જ કહો, આ ફોટો જોઈને તમને શી વાઈબ આવે છે?'

અનુપમ ખેરનો ફોટો જોઈને કરણ ટેકરે કોમેન્ટ કરી, 'સેક્સી લેગ્સ.' તો વળી, ટેલિવિઝન એક્ટર પુનીત વશિષ્ઠે લખ્યું, 'હંમેશા ભવ્ય, હંમેશા નમ્ર, હંમેશા સ્પોર્ટી અને હંમેશા યુવાન તથા ઉત્સાહી વ્યક્તિ.' આમ, અનુપમ ખેર ઈન્સ્ટાગ્રામ પર ઘણા સક્રિય રહે છે. તે નિયમિતપણે પોતાની અપડેટ્સ આપે છે અને પોતાના વિચારો સૌ સાથે શેર કરતા રહે છે. •






# સોહાના હિસ્સામાં આવ્યો જનરેટર રૂમ

એક બાજુ સૈફ અલી ખાન વિશાળ પટૌડી પેલેસનો માલિક છે, તો બીજી બાજુ તેની બહેન સોહા અલી ખાનના હિસ્સામાં એક સમયે આ મિલકતનો જનરેટર રૂમ આવ્યો હતો. સોહા જણાવે છે, 'થોડા સમય માટે આ પેલેસને એક હોટેલ ચેનને ભાડે આપવામાં આવ્યો હતો. તેથી અમારા પરિવાર માટે રહેવાની યોગ્ય સગવડ ઊભી કરવા આ જનરેટર રૂમને બે બેડરૂમવાળા એપાર્ટમેન્ટમાં પરિવર્તિત કરવામાં આવ્યો હતો. જોકે, આ જનરેટર રૂમ સિવાયની મિલકતનો હિસ્સો સૈફના ભાગમાં ગયો છે અને મને જે મળ્યું છે તેને જાળવી રાખવાની જવાબદારી મારી પોતાની જ છે.'

વધુમાં સોહા કહે છે કે પટૌડી પેલેસનો દૈનિક અને માસિક ખર્ચ કેટલો થાય છે તેની સંપૂર્ણ જાણકારી તેની માતા શર્મિલા ટાગોરને છે. તેથી દર અઠવાડિયે તેઓ પેલેસનો હિસાબ-કિતાબ લઈને બેસે છે. સોહા કહે છે, 'પટૌડી પેલેસને અમે વ્હાઈટવોશ જ કરાવ્યો છે, પેઈન્ટ કરાવ્યું નથી, કારણ કે વ્હાઈટવોશ કરાવવું ઓછું ખર્ચાળ રહે છે. અમે ઘણા સમયથી ઘર માટે એક પણ નવી વસ્તુ ખરીદી નથી. પેલેસની વસ્તુઓ કે તેનો રંગ લોકોને આકર્ષતો નથી, તેની કારીગરી અને આર્કિટેક્ચર લોકોને આકર્ષે છે.'



આ સિવાય, સોહા પટૌડી પેલેસ વિશે એક રસપ્રદ વાત પણ શેર કરે છે. તે કહે છે, 'મારા દાદીમા ભોપાલના બેગમ હતાં અને મારા દાદાજી પટૌડીના નવાબ હતાં. દાદાજી તેમને પ્રેમ કરતા હતા, પરંતુ દાદી સાથે લગ્ન કરવાની તેમને પરવાનગી મળી ન હતી. તેથી દાદાજીએ તેમના સસરાને પ્રભાવિત કરવા માટે પટૌડી પેલેસનું નિર્માણ કર્યું હતું. આ પેલેસ મને મારા સ્વર્ગસ્થ પિતા સાથે પણ જોડીને રાખે છે. મારા પિતા મન્સૂર અલી ખાનની દફનવિધિ અહીં થઈ હતી. જ્યારે હું અહીં આવું છું ત્યારે મને લાગે છે કે હું મારા પિતાની વધુ નજીક આવી છું. મન્સૂર અલી ખાન પટૌડીએ ૧૯૬૮માં અભિનેત્રી શર્મિલા ટાગોર સાથે લગ્ન કર્યા હતા. તેમને સૈફ અલી ખાન, સબા અલી ખાન અને સોહા અલી ખાન એમ ત્રણ સંતાનો છે. •